


## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

રોજની દોડધામ ના જ ફળે !
ધ્યેય ના હો તો કામ ના જ ફળે !
કોઈનું જો ભલું ના ઇચ્છીએ
તો કરેલા પ્રણામ, ના જ ફળે !
છે અજંપો જ જો સતત મનમાં
કોઈ રસ્તે વિરામ ના જ ફળે !
હો પ્રદૂષિત હવાની જો આદત
તો પછી દોસ્ત, ગામ ના જ ફળે !
માત્ર તકલીફમાં જ આંખ ખુલે!
દોડે તું તીર્થધામ, ના જ ફળે !

- સુનીલ શાહ

### પાથેય

# ઉતાવળની ભૂતાવળ...

ગામઠી શાળામાં ભણેલા 'ઉતાવળા સો બાવરા,ધીરા સો ગંભીર !" આજનો જમાનો ઝડપ ઉપર સવાર છે..હમણાં જ મારી ગાડીને પૂરપાટ ઝડપે ઓવરટેક કરતો એક મોટર સાયકલ સવાર માત્ર સો ડગલાં આગળ જઈ નિરાંતે ઉભો રહી ગયો ! જ્યાં એના જેવા જ ચાર પાંચ યુવાનો એની રાહ જોતા હતા..આને ઉતાવળ કહેવાય કે ભૂતાવળ ? અધીરાઈ એ સૌથી ખરાબ પ્રકારની ઉતાવળ છે !

આજનો માણસ એટલે દોડધામનો માણસ..એને બધું જલ્દી જલ્દી કરી નાખવું છે...એણે ઉતાવળે આંબા પકવવાનું બીડું ઝડપ્યું છે..એને કેરીની મીઠાશનો અનુભવ નથી..એને આકર્ષક દેખાતા બાહ્ય રંગરૂપમાં રસ છે..ઉતાવળ ખોખલાપણાનો પર્યાય બની જાય છે..હમણાં એક નવકવિ મળ્યા એમણે એક હજાર જેટલાં કાવ્યો ગણતરીના દિવસોમાં જ લખી નાખ્યાં છે..મને કહે તમે ઝડપથી વાંચી મને કશુંક લખી આપો..મેં નમ્રતાથી કહ્યું.."મને એકાદ મનગમતું કાવ્ય વાંચવામાં અને વાગોળવામાં મહિનાઓ થાય છે..!" એ ઝડપથી નિરાશ પણ થઈ ગયા !

આવું ફકત લેખનની દુનિયામાં જ થઈ રહયું છે એવું નથી..ચારેતરફ અફડાતફડીનો માહોલ છે..હોટલ કે રેસ્ટોરન્ટમાં જાઓ ટેબલ ઉપર તુરત જ વાનગી આવી જાય એવો આગ્રહ હોય છે..મુસાફરી કરીએ તો બારીની બહાર નીરખવાનો કે સીમ વગડાનો વૈભવ જોવાનો આપણને સમય નથી..આપણી નજર સ્પીડના મીટર ઉપર જ હોય છે..પુરપાટ ઝડપે પસાર થતી સડક સિવાય આપણે કશુંય પામી શકતા નથી..!

ઉતાવળની ઉપલબ્ધિમાં અંતે અંતે તો કંટાળો કે રઘવાટ જ હોય છે..હમણાં ટી.વી.ઉપર "ઇન્ડિયન આઈડોલ" નામે સરસ કાર્યક્રમ ચાલે છે..એમાં નવા ઉભરતા ગાયકો અને ગાયિકાઓ જૂની ફિલ્મોનાં ગીતો ગાઈ અદ્ભુત માહોલ ઉભો કરે છે. એમાં નેવુંના દાયકાનાં ગીતો જ મોટાભાગે હોય છે..શું એ પછી કોઈ કર્ણપ્રિય ગીતો બન્યાં જ નથી.? હકિકત એ છે કે એ પછીનું ફિલ્મી સંગીત એ ઉતાવળે પાકેલા આંબા જેવું છે..નિરાંતે અને સાધનાથી બનેલાં ગીતોની મીઠાશ જ અનોખી હોય છે..આજે ગીતો બને છે એ ફાસ્ટફૂડ જેવાં હોય છે..તાજાં હોય ત્યાં સુધી સરસ લાગે..અને પછી વાસી બનીને વિલાઈ જાય..

ચીવટ કે ધીરજ આજે વેદિયાપણામાં ખપી જાય છે..પાણીના પરપોટા જેવો પુરૂષાર્થ ઘડીકમાં સપાટી ઉપર સળવળી એટલી જ ઝડપથી શાંત પડી જાય છે..માણસને ડગલું ભરવામાં રસ નથી..સીધા ટેઈક-ઓફ થવાની તાલાવેલી છે..રાતોરાત ધંધો જમાવવો છે..એ જ રીતે ભણી લેવું છે..જલ્દી નામના મેળવી લેવી છે..બસ બધું ફટાફટ કરવું છે..પણ કુદરતની વ્યવસ્થામાં એવું નથી..વૃક્ષો જલ્દી જલ્દી ઉગતાં નથી..વરસાદ રાતોરાત પડતો નથી..નદીઓ એકાએક વહેવા માંડતી નથી..એનો આ શાશ્વત ભાવ એટલે જ આપણને ગમે છે..ઉતાવળે દોડતો માણસ રઘવાટ સિવાય કશું જ પામી શકતો નથી..

# અંબર ઉપર રચાતા સ્વયંવરનો અનોખો અંદાજ

આકાશનો અંદાજ કાઢી શકાય નહીં.એની તાસીર એવી છે કે તમે કોઇ પૂર્વધારણા કરી શકો નહીં.એટલે જ કદાચ કહેવાયું છે કે "આભ અને ગાભનો ભેદ પામી શકાય નહીં.." મને ભૂરૂં આકાશ ગમે છે..એમાં પણ અષાઢ કે શ્રાવણની કોઇ મેઘલી સાંજે ઘનઘોર વાદળો સાથે વરસાદનો 'ટેઇક અપ ' મૂડ જે રીતે એક અલગ રંગની સજાવટ કરે છે એ દર ચોમાસે આગવી હોય છે.વાત મારે આજકાલ અવનવા રંગો ધારણ કરતા આકાશની કરવી છે.એની વૈવિધ્યસભર રંગપૂરણીમાં,થોડીક શબ્દપૂરણી કરવી છે.બાકી તો આકાશ વિશે લખવા અવકાશ જોઇએ.! આકાશ ઉપર રચાતા સ્વયંવરને નિહાળવાનું છોડીને આપણે આમતેમ ભટકતા રહીએ છીએ.

હમણાં એનો સ્થાયી ભાવ ઉકળાટ છે...વાવાઝોડાના ઉઝરડાઓની અસર હેઠળ હોય એવું લાગે છે..કદી કદી ભીનાશમય પણ થાય છે..આજના નિબંધમાં મારે અંગતતા ઓગાળી નાખવી એવું મેં મનોમન નક્કી કરી લીધું છે છતાં એક વાત કરવાનું મન રોકી શકતો નથી..હમણાં જે નગરમાંથી મેં વિદાય લીધી ત્યાં એ જ રાત્રે લગભગ એક કલાક સુધી ધોધમાર વરસાદ પડ્યો..મને એ આંસુભીના સ્વજન જેવો લાગ્યો..બીજા દિવસે પાટનગરનું પ્હો ફાટ્યું ત્યારે ભીની માટીની સુગંધ મને આપોઆપ અનુભવાઈ..




ગગનની આ ગરવાઇ છે..એની સર્વવ્યાપકતા આપણી બંધિયાર મનોદશાને ખંખેરી આશાની અનુભૂતિ કરાવે છે...આકાશકુસુમવત જેવો એક અદ્ભુત શબ્દ સંસ્કૃત કવિઓએ આપ્યો છે..આપણે જો નિરાંતે નીરખીએ તો આકાશનાં અવનવાં પુષ્પોનો પમરાટ પામી શકીએ છીએ..ભૂખરૂં આકાશ કોઇ એકાકી વૃધ્ધ જેવું લાગતું હોય છે..શિયાળાની તાજગીપ્રદ સવારે ફેલાતું આકાશ મૂછનો દોરો ફૂટી રહયો હોય એવા થનગનતા યુવાન જેવું લાગતું હોય છે..રિમઝિમ સાવન વચ્ચે અવસાદી રૂપ ધારણ કરતું આકાશ આપણા વિષાદને કાવ્યાત્મક સ્પર્શ આપી જાય છે..એનો આ ભાવ એ જ કદાચ મારો સ્વભાવ છે !

આકાશ એ અવનીનો મંડપ છે..મારી જિંદગીમાં અનેક આકાશ જોયાં છે..આદામાન નિકોબાર ટાપુનું નિતાંત નભ જોઇ હું હતપ્રભ થઈ ગયેલો..શૂલપાણેશ્વરના જંગલમાં લીલીછમ વનરાજીથી લપેટાયેલું આકાશ એ મારા જીવનની લીલોતરી છે..જાફરાબાદના દરિયા કાંઠે મેં એની અસીમતા જોઇ છે..બજાણા આડેસરના રણની કાંધે એ કદીય ના ઉલેચાય એવું લાગ્યું છે..પોશીનાના પાદરે એક મહાકાય તળાવમાં એને ડૂબકીદાવ રમતાં નિહાળ્યું છે...પણ સાચું કહું ? મારા માનસપટ ઉપર કામલપુર ગામની શ્રાવણી સાંજનું આકાશ જે છવાયેલું છે એની તોલે કોઇ ના આવે..! જલમ ભોમકા ઇ જલમ ભોમકા..!ગામના તળાવમાં સચવાયેલી સંખ્યાબંધ છબીઓ જીવનભરનું સંભારણું બની જતું હોય છે.

આપણી શકિતઓ સિમિત છે,અને આપણો અહમ અસિમિત !બાકી આભલું એ આમ તો આકાશગંગાનું વારસદાર છે..ગણ્યું ગણાય નહીં વિણ્યું વિણાય નહીં એટલું અચરજ ભર્યું છે એની છાબડીમાં..આકાશને કોઇ ટેકો નથી એ વાત જ કેટલી રોમાંચક છે ! રંગોનું એનું વૈવિધ્ય કે લયબધ્ધ લિસોટા કે અવનવા મૂડઝ..કોઇ કવિ એવો નહીં હોય જેણે આકાશ ઉપર કવિતા ના લખી હોય !

ઉતરતા જેઠ માસે આકાશ સામે મીટ માંડતો જગતનો તાત જીવનના કોઇ આધાર સામે તન્મય થઈ જતો હોય એવું લાગે છે..એમાં રહેલી શરણાગતિ સાધનાની કક્ષાએ પહોંચે છે..ઇશ્વર સાથેનો આવો એકાકાર એ જ કદાચ આપણી જીવવાનો સાર હોય છે..માણસને ખબર છે કે જગત પાસેથી જે મળશે એ ક્ષણિક હશે..એનું ટકાઉપણું તકલાદી હોય છે..ગોરંભેયેલા આકાશમાં જે શાશ્વત સુખ ભરેલું છે એ દુર્લભ છે..આપણે જો વહેલી સવારે જરીક ઉપરતળે નીરખવાનું રાખીએ તો જ આ અજાયબી નો અનુભવ થઇ શકે..

વર્ષાના આગમનને આવકારવા થનગનતા કોઇ ગામના પાદરે કદીક પગરવ કરજો..આજની જ વાત કરીએ..આભલું આજે અજાયબ લાગ્યું..પહેલાં એના પટ ઉપર આટલો ઉમંગ ન હતો..નક્કી આ વરસાદી હવાનો જાદુ હશે..ચોમાસું હવે પૂરબહારમાં છે,એવાં એંધાણ છે..આકાશના આટાપાટા અને હવાના સપાટા એ બીજું કંઇ નથી..એ મનગમતા મેહૂલાને આવકારવાના રિવાજો છે.આપણે તો ઉંધું ઘાલીને ચાલવાનું નીચાજોણું જ કરતા રહીએ છીએ..એટલે આપણી છત ઉપર શું હલચલ થઈ રહી છે એની આપણને ગતાગમ જ હોતી નથી.એક નજર આકાશી ઝરૂખે કરીએ તો રૂપની રાણી જેવી વાદળીઓનાં વદન આપણને મુગ્ધ કરી નાખે છે..

દૂર દેશાવર ગયેલ કોઇ વડિલ વરસે દહાડે વતન પાછો આવે ત્યારે જે થનગનાટ એનાં પરિચિતોમાં જોવા મળે એવો જ તરવરાટ ભીના થયેલા આકાશને જોઇ ઝાડ પાંદડાં અને પક્ષીઓના હલનચલનમાં દેખાય છે..આકાશમાં પોતાનો વ્યાપ માપતા એક લીમડાની ખુમારી જોઇ આભ પણ જાણે મલકી રહયું હતું..!

આભ એ આમ તો આપણને અજાણ્યું લાગતું નથી. આમછતાં આપણી અને એની વચ્ચે આભ જમીનનું અંતર હોય છે !..રોજ રાત્રે તારલાઓની છાબડી બની જતું ગગન વહેલી સવારે અનેક રંગોનો ગુલદસ્તો બની જાય છે..ઘણા લોકો એને અગોચર માને છે..કેટલાક એના ઉંડાણને તાગે છે..ઉતરતા ઉનાળે અને અષાઢના આગમને અંગડાઈ લેતું અંબર અજાયબ જ હોય છે..

આપણે તો નિરૂદેશે એક નજર અનાયાસ નાખી આજે સવારે..અને આભ તો જાણે પરભવનું કોઇ પરિચિત હોય એમ વીંટળાઈ જ વળ્યું..વરસાદી વિરહમાં વિલસતા કોઇ ગામના સીમાડે અષાઢી મિજાજ સાથે પડઘાતું નીતરતા નેહ જેવું આભ શહેરના ચોખંડી ખૂણે પણ એટલું જ પોતીકું લાગતું હોય છે...એમાં એની જન્મજાત ઉદારતા જ કારણભૂત ગણી શકાય. બાકી આપણે ક્યાં સુરેશ જોશી છીએ ? કાકાસાહેબ કાલેલકર પણ નથી કે..નથી કોઈ લલિત લાવણ્યમય લેખિનીના સ્વામી..ઘટાટોપ ગામના ગોંદરે ઉગી નિકળતા કોઇ તરણાનો તરવરાટ કે બાવળના ઘટાટોપ વૈભવ વચ્ચે લપાઇ રહેલા કોઠિંબડાના કુતૂહલ જેવી આપણી આ જાત..આજના આકાશના હયાત હોવાનો જાણે પુરાવો છે !

rrthakkar2@gmail.com

# સાપ્તાહિક રાશિફળ (તા.૧૨-૦૮-૨૩થી ૧૮-૦૮-૨૩)

**૧. મેષ રાશિ (અ.લ.ઈ.)**

આ સપ્તાહ આપની તંદુરસ્તીની દૃષ્ટિએ મધ્યમ પસાર થાય. મસ્તક પીડાથી સંભાળવું. કૌટુંબિક સુખાકારી દૃષ્ટિએ મતભેદ રહે, પરંતુ ભાઈભાંડુ સહકાર આપશે. આપના મકાન, વાહન, સંપત્તિના કામ થાય. મકાન અંગે સરકારી સહાય મળી રહે. સંતાન આપને નાણાંકીય મદદ કરે. સંતાનના પ્રશ્નો ઉકલે. મોસાળથી લાભ. દાંપત્ય જીવનમાં મતભેદ ઉભા થઈ શકે. નોકરીમાં ઈચ્છિત કાર્ય થાય. વિદ્યાર્થી માટે લાભ. ગણેશ પૂજા કરવી.

**૨. વૃષભ રાશિ (બ.વ.ઉ.)**

આ સપ્તાહ આર્થિક દૃષ્ટિએ આપને સદ્ધરતા મળે પરંતુ સાથે મોટા ખર્ચની પણ સંભાવના રહેશે. ધાર્મિક-સામાજિક કારણસર ખર્ચ થઈ શકે. ભાઈ-ભાંડુ કુટુંબીજન સહકાર આપે. સૌ હળીમળી કામ કરી શકો. હરિફો સામે વિજય મળે, મકાન ખરીદીના કામમાં નિર્ણય આવે. માતાના આશીર્વાદ મળે. તંદુરસ્તીની દૃષ્ટિએ લોહી વિકારને લગતા રોગથી કાળજી લેવી. વ્યવસાયમાં નવું આયોજન ન કરવું.

**૩. મિથુન રાશિ (ક. છ. ઘ.)**

આ સપ્તાહ આપ માનસિક પ્રસન્નતા અનુભવો. તંદુરસ્તી સારી રહે. આર્થિક દૃષ્ટિએ આકસ્મિક લાભ થઈ શકે. કૌટુંબિક ભાવના વધે. સૌના સહકારથી સુખ વૈભવમાં વધારો થાય. જમીન અંગેના પ્રશ્નો હશે તો નિકાલ આવશે. તથા તરફેણમાં લાભપ્રદ કાર્ય થાય. આંખોની કાળજી લેવી. સંતાન બાબતોમાં કામ વિલંબ થાય. મોસાળ પક્ષથી ફાયદો થાય. ભાગ્યોદયમાં વિલંબ થાય. કેટલાંક કાર્યોમાં વિઘ્ન આવે. દાંપત્ય જીવનમાં મધુરતા આવે. વ્યવસાયમાં બદલાવ આવે. દુર્ગાસપ્તશતીનો પાઠ કરવો.

**૪. કર્ક રાશિ (ડ.હ.)**

આ સપ્તાહે આરોગ્યની દૃષ્ટિએ આંખોની કાળજી લેશો. તમારી સામે આવતી નવી યોજના અંગે વિચાર કર્યા બાદ આગળ વધો. ઉતાવળથી નિર્ણય ન લેવા. પરિવારમાં સમાધાન કરાવી શકશો. આર્થિક સ્થિતિ સુધરશે. ઉધાર નાણાં ન લેવા. મહત્ત્વપૂર્ણ કાર્ય થાય. આકસ્મિક લાભ થાય. જુસ્સો વધે. ભાઈ-ભાંડુ સહકાર આપે. સંપત્તિમાં રોકાણ થાય. સ્ત્રીઓ માટે લાભપ્રદ સમય છે. શનિ ગ્રહ હવન-યજ્ઞ કરવા.

**૫. સિંહ રાશિ (મ.ટ.)**

આ સપ્તાહ સાંધાના દુઃખાવા અપચો વગરે થઈ શકે. ધંધાકીય સારો નફો પ્રાપ્ત થાય. પ્રોત્સાહનમાં વધારો થાય. જમીન, સંપત્તિમાં નાણાંનું રોકાણ કરી શકો. ભવિષ્ય સુરક્ષિત કરી શકો, મકાન, વાહન, સંપત્તિ બાબતે સાવચેત રહી નિર્ણય કરી આગળ વધવું. દાંપત્ય જીવનમાં ધૈર્યતાપૂર્ણ નિર્ણય લેવા અને આગળ વધવું. આપના ભાગ્યોદયનો સમય આવી રહ્યો છે. જો કે વ્યવસાયમાં ભાગીદારીથી સચેત રહેવું. સૂર્ય ઊપાસના કરવી.

**૬. કન્યા રાશિ (પ.ઠ.ણ.)**

આ સપ્તાહ આકસ્મિક બિમારીમાં સપડાઈ ન જવાય તે જોશો. આર્થિક દૃષ્ટિએ નાણાંકીય આવકનો સ્ત્રોત ચાલુ થવાની રાહ જોશો એટલે નવા રોકાણ માટે થોભો અને આગળ વધો. તેવી સ્થિતિ જણાશે. ખાસ કરીને આ સમયમાં વધુ વ્યય ન થાય તેમ સાવચેત રહેવું. દાંપત્ય જીવનમાં આનંદ, ઉત્સાહ વધે. તેમજ ઘરેણાંની ખરીદી થાય. વાણીમાં સંયમ રાખવો. કેટલીક અશુભ અસરો જોઈ શકાય. સામાજિક રાજકીય માનસન્માનમાં વધારો થાય. ભગવાન વિષ્ણુ ઉપાસના કરવી.

**૭. તુલા રાશિ (ર.ત.)**

આ સપ્તાહ આપ થોડી માનસિક વ્યગ્રતા અનુભવો. આધ્યાત્મિક શક્તિમાં વધારો થાય. નવું કામ કરવાની ઈચ્છા થાય. કૌટુંબિક પ્રશ્નો ઉભા થાય. જીવનસાથી સાથે ગેરસમજ ઊભી થાય. કોર્ટ-કચેરી ન થાય તે જોવું. ભાગીદારીમાં તકલીફ/ વ્યવસાયમાં યથાસ્થિતિ રાખવી. સંતાનોને ભણતરમાં મુસીબત જણાય. મકાન વાહનમાં અશાંતિ સર્જાવાના યોગ છે. સ્થાનાંતર થાય. આવકમાં ઘટાડો જણાય. પરિવર્તનના પણ યોગ છે. દત્તાત્રેય ભગવાનની ઉપાસના કરવી.

**૮. વૃશ્ચિક રાશિ (ન.ય.)**

આ અઠવાડિયે આપ નાણાંકીય વહેવારમાં સાવચેત રહેશો. પરાક્રમના જોરે આડેધડ નિર્ણય લેવાની મુસીબત આવી શકે. કૌટુંબિક સ્થિતિ જોતાં સંતાન તરફથી સહયોગ ન મળે તેમજ પરિવાર વિવાદીત પ્રશ્નો ઉભા ન થાય તે જોવું. લોન-ઋણ મેળવી શકો. નાની યાત્રાઓ થાય. ધાર્મિક કામો થાય. વ્યવસાયમાં ફેરફાર વિચારીને કરશો જે ફાયદાકારક નીવડશે. સકારાત્મક વલણ અપનાવો.




**૯. ધન રાશિ (ભ.ધ.ફ.થ.)**

આ સપ્તાહ આપને હાથે, ખભાને લગતા શારીરિક પ્રશ્નો ઊભા થાય. ભાઈભાંડુનો સહકાર ન મળે. નાણાંકીય સ્થિતિમાં સુધાર આવે. ધીમી ગતિએ લાભપ્રદ કાર્યો થાય. ધીરજ ધરવી. સંતાનના શૈક્ષણિક હેતુસર પરદેશ ગમન અંગે સારા સમાચાર મળે. દાંપત્ય સુખમાં વધારો થાય. યાત્રા-પ્રવાસ થાય. આકસ્મિક ઘટનાઓ ન થાય તેની સાવચેતી રાખવી. ભાગ્યોદય થાય. ગોયને ઘાસ ખવડાવવું.

**૧૦. મકર રાશિ (ખ.જ.)**

આ સપ્તાહ આ રાશિના જાતકો માટે જોમ-જુસ્સાથી કાર્ય કરવાનો સમય છે. જીવનના અન્ય ક્ષેત્રોમાં સારું પ્રદર્શન કરી શકો. હિંમત અને આત્મવિશ્વાસમાં વધારો થાય. આવક વધશે. દરેક પ્રકારનું રોકાણ કરી શકો. મુશ્કેલી દૂર થશે. તેમ છતાં જીવનમાં અન્ય સાથે ચાલતા મતભેદ પરેશાન કરશે. મકાન વાહન વગેરે બાબતે સ્થિતિ યથાવત રાખવી. લોન, કરજ મળી શકે. સ્ત્રીઓ માટે શુભ સમય.

**૧૧. કુંભ રાશિ (ગ.શ.સ.ષ)**

આ સપ્તાહ આપને માનસિક વ્યગ્રતા ચાલુ જ રહે. આરોગ્યની કાળજી લેવી. કૌટુંબિક વિખવાદ ન થાય તેમ સમાધાનકારી વલણ અપનાવવું. સંતાનના પ્રશ્નો ઉકલે, દાંપત્ય સુખાકારી સામાન્ય. પરંતુ આનંદમય સમય પસાર થાય. વૈભવી જીવનની ઝાંખી થાય. પગે ઈજાથી સંભાળવું

**૧૨. મીન રાશિ. (દ.ચ.ઝ, થ.)**

આ સપ્તાહ તમો સારા પોષક આહાર લશો.કાળજી લેશો. જેથી તંદુરસ્તી જળવાશે. મિત્રો અન પરિવાર સાથે સમય ગાળવો. નવા મકાન, વાહનની યોજના બનાવી શકો. નાણાંકીય આવકમાં વધ-ઘટ થશે. સંપત્તિ વેચવાની હશ તો બમણો લાભ થાય. દાંપત્ય સુખાકારીમાં ખટરાગ ન ઊભો થાય તે જોવું. પુત્ર લાભ થાય, નવી ચેતના, નવી શક્તિ મળે. નવી ઈચ્છાઓ થાય. શુભ પરિવર્તન આવે. શિવ ઉપાસના કરવી.

મો. ૯૮૨૪૬૪૭૪૩૫

### આ સપ્તાહના તહેવારો -પંચાગ

તા. ૧૨-૮-૨૩ કલમા એકાદશી
તા. ૧૫-૮-૨૩ દર્શ, અમાસ, સ્વાતંત્ર્યદિન
તા. ૧૬-૮-૨૩ પુરુષોત્તમ માસ સમાપ્ત
તા. ૧૭-૮-૨૩ શ્રાવણ માસ પ્રારંભ
તા. ૧૮-૮-૨૩ જીવંતિતા વ્રત,
ગોચર ગ્રહ, મંગળ પ્રવેશ કન્યા રાશિમાં

# ફુવા આવે ઉડતા બલોણ મે, ફોઈ આવે સાલતી ગાડી મે : વિશ્વ આદિવાસી દિનની ઉજવણી

સામાન્ય રીતે 'આદિવાસી' શબ્દ નો પ્રયોગ કોઈ ભૌગોલિક ક્ષેત્ર સાથે ઈતિહાસમાં કોઈ પૌરાણિક નાતો હોય તેના માટે વાપરવામાં આવે છે. વિશ્વફલક પરના તેઓ મૂળ વસાહતીઓ તરીકે પણ ઓળખાય છે. આદિકાળથી પછાત અવસ્થા અને અજ્ઞાનતામાં જીવન વ્યતીત કરતા અને આધુનિક સંસ્કૃતિની અસરથી લગભગ વંચિત રહેતા આદિવાસીઓની જીવન પ્રણાલી વન, ઋતુઓ સાથે પ્રગાઢપણે સંકળાયેલી છે. મુખ્યત્વે ખેતી અને જંગલોની પેદાશ પર આજીવિકા રળતા ' ગિરિજનો-ભીલો- આદિવાસી' ની વસ્તી ઉત્તર અને દક્ષિણ અમેરિકા, આફ્રીકા, ઓસ્ટ્રેલિયા, એશિયા તથા અનેક દ્રીપો અને દ્રીપ સમૂહોમાં આજે પણ જોવા મળે છે. ભારતની ૨૦૧૧ની વસ્તી ગણતરી અનુસાર ૮.૬ ટકા જેટલી વસ્તી આદિવાસીઓની છે જેમાં ૨૯૨ જેટલા આદિવાસી સમૂહો છે. નાગલેંડ, મિજોરમ અને મેઘાલય જેવા રાજ્યોમાં તો ૮૦ થી ૯૩ ટકા વસ્તી આદિવાસીઓની છે. જ્યારે અન્ય મોટા રાજ્યોમાં ૮ થી ૨૩ ટકા જેટલી છે. ભાષા શાસ્ત્રની દ્રષ્ટિએ તેમને ઓસ્ટ્રો-એશિયાઈ, દ્રવિડ, અને તિબેટ-ચીની-પરિવારોની ભાષા બોલવાવાળા સમૂહો અને ભૌગોલિક દ્રષ્ટિએ ભારતના ઉત્તર પૂર્વીય, મધ્ય, પશ્ચિમિ અને દક્ષિણી ક્ષેત્રમાં વસેલા છે. ગુજરાતમાં કેટલીક આદિવાસી જાતિઓ ઉત્તર, પૂર્વ અને દક્ષિણમાંથી આવેલી છે તે તેમના નામ, ભાષા તથા રીતરિવાજો પરથી જણાય છે. ગુજરાતની પૂર્વ સરહદના જંગલો અને વનોના ૧૭ ટકા વિસ્તારોમાં રહેતા અને ૧૫ ટકા વસતી ધરાવતા આદિવાસીઓ મુખ્યત્વે ડાંગ, ભરુચ ,સુરત પંચમહાલ ,દાહોદ, સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લાઓમાં વધારે જોવા મળે છે. રંગે કાળા અને ઘઉંવર્ણા તેઓ એમના ખડતલ, મજબુત બાંધાના તેમ જ કસાયેલા અને ચપળ શરીર માટે જાણીતા છે. ગુજરાતના આદિવાસીઓમાં મુખ્યત્વે કૂકણા, ધોડિયા, ગામિત, ચૌધરી, વસાવા, ભીલ, રાઠવા, નાયકા, હળપતિ, ડામોર, કટારા, કોટવાળીયા વગેરેનો સમાવેશ થાય છે. ડુંગરી ગરાસિયા જનજાતિ મૂળ રાજસ્થાનમાંથી ઉદભવી છે અને તેમનામાં શૌર્યનો ગુણ રાજપૂતોમાંથી ઉતરી આવ્યો છે. આદિવાસી સમાજમાં સ્ત્રીઓનો દરજ્જો ગણનાપાત્ર છે. વ્યવસાય કે કોઈ પ્રંસગોમાં તેમજ નિર્ણય લેવામાં તેમને સાથે રાખવામાં આવે છે આમ, તેઓ સ્ત્રીઓને સહભાગિની તરીકે ગણે છે. તેમની સમૂહ ભાવના ઘરોની બાંધણીથી લઈ સામૂહિક શિકાર, ઉત્સવ, લગ્ન, મરણ જેવી વિધિઓમાં પ્રતિબિંબિત થાય છે. તેમનું સાદગીભર્યુ જીવન, પારિવારિક-ભાવના, આહાર અને સાંસ્કૃતિક જીવનમાં તેઓ આધુનિક સમાજ કરતાં ઘણા આગળ છે.

'ભીલ ' શબ્દ દ્રવિડિયન ભાષાના 'બિલ' શબ્દ પર થી આવેલો છે. તેનો અર્થ ધનુષ્ય- બાણ અથવા તલવાર થાય છે. ભીલો પ્રાચીનકાળથી જ પોતાની પાસે બાણ રાખતા હતા. આમ, તેઓ ભીલ નામથી ઓળખાય છે. પુરાતન કાળમાં રાજવંશોમાં તેઓ વિહિલ નામથી જાણીતા હતા. આ સંદર્ભમાં એક કહેવત પ્રચલિત છે કે : 'સંસારમાં કેવળ સાડા ત્રણ રાજ જ પ્રસિધ્ધ છે, એક ઈન્દ્ર રાજા, બીજો રાજા, ત્રીજો ભીલ રાજા અને અડધામાં દુલ્હે રાજા'. બાણવિદ્યામાં નિપુણ, ધાર્યું નિશાન તાકવાની તેમની કળા અને ભીલ્લી બોલી બોલતા તેઓ આજે પણ તેઓ પહાડી વિસ્તારમાં નિવાસ કરે છે અને શાસન પણ પહાડી વિસ્તારમાં હતું. નદીના સામા કાંઠે પાણીમાં ફસાયેલા પોતાના મિત્રોને બાણથી રોટલા પહોંચાડવાની તેઓની કળા જાણીતી છે. રામાયણમાં પણ રામચંદ્રજીએ શબરી ભીલડીનાં બોર ખાધાનો ઉલ્લેખ છે. એક દંતકથા મુજબ પાર્વતીજી પણ ભીલપુત્રી હતાં. બિરસા મૂંડા પણ અગ્રગણ્ય સ્વાતંત્ર સેનાનીની સાથે એક ધાર્મિક નેતા હતા જ્યારે ધરીધંર ભુયાન, લક્ષ્મણ નાયક, જંતા ભીલ, બંગારુ દેવી અને રેહમા વસાવે જેવા આદિવાસી નેતાઓએ ભારતની સ્વતંત્રતાની ચળવળમાં ભાગ લીધો હતો.




રાજસ્થાનની મીણા અને ભીલ જાતિઓનો ઈતિહાસ ગવાહી પુરે છે કે રાજપૂતોના ઉદય પહેલા તેમનું રાજ્ય હતું. કુશલગઢ ઉપર કટારા ગોત્રના કુશલા ભીલ અને મેવાડ ક્ષેત્રમાં માંદલિયા ભીલોના અધિકાર હતા. તેમનો બનાવેલ કિલ્લો માંદલિયા કિલ્લાના નામથી આજે પણ મોજૂદ છે. ઈડરમાં સાવલિયા ભીલનું રાજ્ય હતું તેને હરાવી રાઠોડોએ પોતાનું રાજ્ય સ્થાપિત કરેલ.

ભારત સરકારના બંધારણની ધારા ૩૬૬ (૨૫) મુજબ આદિવાસીઓને અનુસૂચિત જનજાતિ તરીકેનો દરજ્જો આપવામાં આવેલ છે. જે ને કારણે આદિવાસીઓ વિવિધ ક્ષેત્રોમાં વિકાસ સાધી શક્યા છે, પરંતુ હજુ પણ મોટા ભાગના અંતરિયાળ તેમ જ દુર્ગમ વિસ્તારોમાં સદીઓથી રહેતા આદિવાસીઓ, સગવડોથી વંચિત રહેવાને કારણે ગરીબી, અજ્ઞાનતા અને કુપોષણનો શિકાર બન્યા છે. નાગલેંડ, મિજોરમ અને મેઘાલય જેવા રાજ્યોમાં તેઓ નકસલવાદ, આતંકવાદની જેવી રાષ્ટ્રીય સમસ્યાઓથી ત્રસ્ત છે. સરકાર આ બાબતે પ્રયત્નશીલ છે. આજના આદિવાસીઓએ તેમની સંસ્કૃતિ, કલા, લોકગીતો, સંગીત, નૃત્ય અને લગ્નગીતો આગવી પરમ્પરા સાથે પ્રાકૃતિક સ્વરૂપે જાળવી રાખ્યા છે જેમ કે : આંગણામાં બોંધ્યો માંડવોલા મામા, તમને શેનો પાવર રે;

માંડવાનો પાવર હમારોલા મોંમા, તમને શેનો પાવર રે;

પહેરવાનાં ધોતિયા હમે લાવી આણીયે, તમને શેનો પાવર રે અને : ફુવા આવે ઉડતા બલોણ મે, ફોઈ આવે સાલતી ગાડી મે, લગન જોવા રઈ ગયા રે;બનેવી આવે ઉડતા બલોણ મે, બેન આવે સાલતી ગાડી મે, લગન જોવા રઈ ગયા રે; જેમ લોક સમાજ પાસે ગામડિયું રામાયણ અને મહાભારત છે તેમ આદિવાસીઓ પાસે પણ રામાયણ અને મહાભારતની પરંપરા છે.

(મો.) ૯૪૨૮૨ ૧૯૦૩૧